શ્રી જલારામ મંદિર - શિકાગો દ્વારા પ્રકાશિત

# જલારામ દર્પણ

ફોન: ૮૪૭-૪૯૦-૫૨૫૨ / ૮૪૭-૮૦૧-૪૭૫૨

ફેક્સ: ૮૪૭-૪૫૦-૧૭૧૮

http://www.shreejalarammandir.org

૪૨૫ ઈલીનોઈસ બુલેવર્ડ, હોફમેન એસ્ટેટ્સ, ઈલીનોઈસ - ૬૦૧૬૯

જાન્યુઆરી ૨૦૧૮ ☼ વર્ષ - ૧૦ ☼ અંક - ૩૩

## આગામી ઉત્સવો

**-: નવગ્રહ પૂજા :-**
રવિવાર, જાન્યુઆરી ૧૪ - સાંજે ૪:૦૦ કલાકે

**-: ભારતીય ગણતંત્ર દિવસ - ધ્વજ વંદન :-**
શુક્રવાર, જાન્યુઆરી ૨૬ - સવારે ૮:૦૦ કલાકે

**-: શ્રી જલારામબાપા પૂણ્યતિથિ :-**
શનિવાર, ફેબ્રુઆરી ૧૦ - સાંજે ૫:૩૦ કલાકે

**-: મહા શિવરાત્રી :-**
મંગળવાર, ફેબ્રુઆરી ૧૩ - સાંજે ૫:૦૦ કલાકે

**-: હોળી :-**
ગુરૂવાર, માર્ચ ૧ - સાંજે ૪:૦૦ કલાકે

**-: શ્રી જલારામ મંદિર સ્થાપનાદિન ઉજવણી :-**
માર્ચ - તારીખ અને વિગત વેબસાઈટ/ઈમેલ દ્વારા પ્રકાશિત કરાશે

**-: શ્રી રામ જન્મોત્સવ :-**
**અખંડ રામધૂન (૨૪ કલાક)**
શનિવાર, માર્ચ ૨૪ - સવારે ૧૦ કલાક થી
રવિવાર, માર્ચ ૨૫ - સવારે ૧૦ કલાક સુધી

**શ્રી રામ જન્મોત્સવ ઉજવણી**
રવિવાર, માર્ચ ૨૫ - સવારે ૧૧ કલાકે

**-: શ્રી હનુમાન જયંતિ :-**
**૧૦૦ હનુમાન ચાલીસા પાઠ**
શનિવાર, માર્ચ ૩૧ - બપોરે ૨ કલાકે

**સુંદરકાંડ પાઠ**
શનિવાર, માર્ચ ૩૧ - રાત્રે ૮:૦૦ કલાકે

**દરેક ઉત્સવો બાદ પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે**

**-: Navgrah Puja :-**
Sunday, January 14 - 4:00 PM

**-: India's Republic Day - Flag Ceremony :-**
Friday, January 26 - 8:00 AM

**-: Shree Jalarambapa Punyatithi :-**
Saturday, February 10 - 5:30 PM

**-: Maha Shivratri :-**
Tuesday, February 13 - 5:00 PM

**-: Holi :-**
Thursday, March 1 - 4:00 PM

**-: Shree Jalaram Mandir Inaguration Day :-**
March - Details to be announced on
Website & via Email

**-: Shri Ram Janmotsav :-**
**Akhand Ramdhun (24 Hours)**
Saturday, March 24 - 10 AM till
Sunday, March 25 - 10 AM

**Shri Ram Janmotsav Celebration**
Sunday, March 25 - 11:00 AM

**-: Shri Hanuman Jayanti :-**
**100 Hanuman Chalisa Path**
Saturday, March 31 - 2:00 PM

**Sunderkand Path**
Saturday, March 31 - 8:00 PM

**Prasad will be served after each event**

**આપ ઉપર જણાવેલ કોઈપણ ઉત્સવોમાં યજમાન તરીકે, આરતી અથવા પ્રસાદની સેવા આપવા ઈચ્છતા હોય તો આપને દિપકનો ૮૪૭-૩૨૨-૪૬૩૪ અથવા રાજેશનો ૨૨૪-૬૨૨-૯૭૧૭ પર સંપર્ક કરવા વિનંતી છે.**

*If you would like to sponsor any of the events, aarti or prasad seva, please contact Dipak @ 847-322-4634 or Rajesh @ 224-622-9717*

# *President's Corner*

*Bakul Thakkar*

*Respected Shree Jalaram devotees:*

*We have been very active in year 2017 in terms of devotee's participation and support to the Mandir. Large number of devotees participated in Diwali celebration and welcoming new year. During last quarter of this year we also enjoy Shree Jalaram Jayanti, one of the important religious day for our Mandir. Annakut was planned for both occasions and many varieties of Prasad were offered to our God.*

*Mandir volunteers and committee members worked hard to make sure Mandir's religious values are maintained along with events provide entertainment.*

***Navagraha Puja on Sunday, January 14th*** *will be our next scheduled Puja for new year. We would like to see at least 25 Yajamans for this Puja and for that we need your participation. Please take time to give your names to our Pujari or to office team. Details are posted on Mandir bulletin board.*

***Shree Jalaram Punyatithi is scheduled on Saturday, February 10th.***

***Thursday, March 8th 2018*** *will be 10th year celebration for our Mandir. It has been 10 years since our Mandir has open the door for Jalarambapa's devotees. Board members have planned big celebration to enjoy where we were 10 years ago and where we are now. Please mark the date and details of the celebration is forthcoming.*

*Please continue to provide your support and guidance to take our Mandir to one step higher as religious and educational place for our young devotees.*

*Jay Jalaram*

## સંસ્થા સમાચાર

**સંકલનઃ હરિવદન ઠક્કર**

સૌ જલારામ ભકતોને શ્રી જલારામ મંદિર તરફથી જય શ્રી જલારામ.

આપણા સૌ ભકતોના આરાધ્યદેવ પ્રભુ શ્રી રામ અને પૂ. શ્રી જલારામબાપાના આશીર્વાદથી શ્રી જલારામ મંદિરમાં દરેક તહેવારો ઉત્સાહભેર ઉજવાઇ રહ્યા છે અને સૌ ભકતો તેનો આનંદ પૂર્વક, ભકિતભાવ પૂર્વક લાભ લઇ આશીર્વાદ મેળવી રહ્યા છે.

માતાજીના ખૂબ જ સુંદર નવરાત્રીના શુભ દિવસોમાં ગરબાનો લાભ લીધો. આપણા સર્વે તહેવારોમાં શ્રેષ્ઠ મનાતો દિવાળીનો તહેવાર વિક્રમ સંવત ૨૦૭૩ની પૂર્ણાહૂતિ અને વિ. સં ૨૦૭૪નો શુભારંભ.
ઓકટોબર ૧૭ - મંગળવારના શુભ દિને લક્ષ્મીપૂજનની ધાર્મિક વિધિ
ઓકટોબર ૧૮ - બુધવાર, કાળી ચૌદસના નિમિત્તે શ્રી હનુમાનજી મહારાજના સુંદરકાંડ પાઠનું આયોજન
ઓકટોબર ૧૯ - ગુરૂવાર, દિવાળી અને બાપાના ગુરૂવારનો શુભ સંગમ. ચોપડા પૂજનનું આયોજન, ભજન સત્સંગ
ઓકટોબર ૨૦ - શુક્રવાર, નવલા વર્ષના શુભ દિવસે સવારે ૬ વાગે મંગળા આરતીથી શુભ શરૂઆત. ત્યારબાદ ભવ્ય અન્નકુટના દર્શન
દિવાળી અને નૂતન વર્ષના આ તમામ દિવસોમાં મંદિરમાં થયેલુ ડેકોરેશન. તમામ દેવી દેવતાઓના નવા શણગાર ભારતથી આવેલા ફૂલ હાર અને સૌની ઉપર સર્વે દેવી દેવતાઓના આશીર્વાદ. અનેક ભકતોએ દર્શન કરી ધન્યતા અનુભવી. રંગબેરંગી પોષાક પહેરી સૌએ એકબીજાને ભેટી નવા વર્ષની વધામણી કરી શુભેચ્છાઓ પાઠવી. આ શુભ દિવસોમાં મંદિર આખો દિવસ ખુલ્લુ રાખવાનો નિર્ણય ખૂબ જ આવકારદાયક અને લાભદાયક રહ્યો. બહારગામથી આવતા ભકતોને પણ દર્શનનો લાભ સતત મળતો રહ્યો. નવુ વર્ષ અને આવનારા તમામ વર્ષો સુખરૂપ, હેમખેમ પસાર થાય તેવા આશીર્વાદ મેળવવા પ્રાર્થના કરી ધન્યતા અનુભવી. સાથે સાથે દરેક દેવી દેવતાઓની મૂર્તિઓના મુખારવિંદ ઉપર પણ અનેરી ચમક હતી અને સૌ ભકતોને આશીર્વાદ આપતી હોય તેવી અનુભૂતિ થતી હતી.

કારતક સુદ ૭ શ્રી જલારામબાપાનો જન્મદિવસ. ૨૧૮મી શ્રી જલારામ જયંતિની ઉજવણી. બાપાના જન્મદિવસ નિમિત્તે બાપાના પગલાની પૂજાનો લાભ ભકતોએ લીધો. સાંજના સમયે સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયુ. નાના બાળકો, યુવકો અને વડીલોએ ખૂબ જ સુંદર રીતે નાટક, ગરબા, રાષ્ટ્રગીત અને ભજનો રજુ કર્યા તે ખરેખર અદ્દભૂત અને અભિનંદનને લાયક હતા. ત્યારબાદ બાવની, થાળ, આરતી અને મહાપ્રસાદ પછી ભવ્ય ડાયરાનો કાર્યક્રમ ગુજરાતના લોકલાડીલા શ્રી દમયંતીબેન બરડાઇ તથા તેમના સાથી કલાકારો તરફથી રજુ કરવામાં આવ્યો.

બીજા દિવસે શનિવારે શ્રી જલારામ જયંતિ નિમિત્તે સવારથી કળશપૂજા, ધજાપૂજા તથા મહાપૂજાનો લાભ યજમાનોએ લીધો. ભવ્ય રીતે થયેલી ધાર્મિક વિધિ અદ્દભૂત રહી હતી. મંદિરના શિખર ઉપર નવા કળશ અને ધજાનું આરોહણ કરવામાં આવ્યુ.

ઓકટોબર મહિનામાં મંદિર તરફથી કરવામાં આવતા અનેક સમાજસેવાના કાર્યોમાંનુ એક એવુ રકતદાન શિબીરનું આયોજન પણ કરવામાં આવ્યુ. આ સેવાના કાર્યમાં લગભગ ૩૦-૩૫ જેટલા યુનિટોનું દાન કરવામાં આવ્યુ હતુ.

નવેમ્બર ૪ શનિવારના દિવસે ભગવાન શ્રી કૃષ્ણ અને તુલસીજીના વિવાહનો પ્રસંગ ઉજવવામાં આવ્યો. વર તથા કન્યા પક્ષ તરફથી યજમાનોએ ખૂબ જ ભાવપૂર્વક સેવાઓ આપી. ખૂબ જ સુંદર રીતે શણગારેલા પ્રભુ શ્રી કૃષ્ણ અને શ્રી તુલસી માતાજીના દર્શનનો લાભ અનેક ભકતોએ લીધો. ધામધૂમથી નીકળેલ વરઘોડો, શરણાઇઓના સૂર અને લગ્ન ગીતો, મોસાળુમાં આવેલી તમામ વસ્તુઓના દર્શન અને પવિત્ર મંત્રોચ્ચારમાં થયેલી ધાર્મિક વિધિ સૌ ભકતોના હૈયામાં આનંદ અનેરો હતો અને સાથે સાથે તુલસીમાતાના વિદાય વખતે હૈયામાં વિદાયનું દુઃખ, સૌની આંખોમાં આંસુરૂપે દેખાઇ રહ્યુ હતુ. આ પણ એક ભકિતરૂપે હતુ.

મંદિરના દરેક પ્રસંગોમાં, ઉત્સવોમાં મંદિરના બન્ને પૂજારી શ્રી ધર્મેન્દ્રભાઇ અને શ્રી કેયુરભાઇની પ્રસંગોરૂપ થતી ધાર્મિક વિધિ ખરેખર અદ્‌ભૂત હોય છે. ખૂબ જ ઉંડાણપૂર્વક થતી વિધિ તેમના ધાર્મિક જ્ઞાનની અનુભૂતિ કરાવે છે.

શ્રી જલારામ મંદિરની શુભ શરૂઆત (માર્ચ ૮, ૨૦૦૮) થઇ ત્યારથી મંદિરમાં દરેક શનિવારે શ્રી હનુમાનજી મહારાજના સુંદરકાંડના પાઠનું આયોજન શ્રી ચિંતનભાઇ અને નિર્સગીબેન તરફથી અવિરતપણે ચાલુ જ છે. સતત ૫૦૦માં સુંદરકાંડના પાઠનું આયોજન શનિવાર, નવેમ્બર ૨૫ના રોજ કરવામાં આવ્યુ. ઘણા બધા ભકતોએ તેનો લાભ લીધો ત્યારબાદના ગુરૂવારે મંદિર તરફથી તે બન્નેને તેમની આ અદ્‌ભૂત સેવાના પ્રતિકરૂપે શ્રી હનુમાનજી મહારાજની ચિત્ર પ્રતિમા તેમને અર્પણ કરવામાં આવી જે ખૂબ જ આવકારદાયક હતુ.

મંદિર તરફથી આ સિવાય પણ ઘણી બધી સેવાઓ ચાલુ જ છે જેવી કે નિઃશુલ્ક ફ્લુ શોટ, તબલા, પિયાનો શિક્ષણ વર્ગો, ભારતનાટ્યમ તથા યોગા કલાસ, નિઃશુલ્ક આર્યુવેદીક દવા, મેડીકલ ચેકઅપ અને અન્ય સામાજીક ઉપયોગી કાર્યો મંદિરના વહીવટકર્તાઓ તરફથી ચાલુ જ છે. સૌને તેના માટે અભિનંદન ઘટે છે.

મંદિર તરફથી ફરી આપ સૌનો આભાર અને આવનારા તમામ પ્રસંગોમાં હાજર રહી બાપાના આશીર્વાદ મળે તેવી પ્રાર્થના સાથે સૌને જય જલારામ

## ટુંકી બોધકથાઓ

**સંકલનઃ ડૉ. મગનભાઇ પટેલ**

### ઇર્ષા કરનાર અને સાંભળનાર બન્ને દોષિત છે

સંતોનું જીવન પવિત્ર હોય છે. તેઓ ઘર, દોલત, સંપત્તિ તમામનો ત્યાગ કરી ભગવાં વસ્ત્રો ધારણ કરે છે. તેમણે કોઇની ઇર્ષા કયારેય કરવી નહિં. ઇર્ષા જેવો બીજો કાઇ દોષ નથી. શ્રીજી મહારાજ સ્વયં કહે છે કે ‘સંત થઇને ઇર્ષા રાખે તે અમોને બિલકુલ ગમતા નથી.’ કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર, અસૂયા, કપટ જેવા દોષો સંતને વિપરિત દશામાં મૂકી દે છે અને નરકમાં ધકેલી દે છે. તેથી સંતોએ ભગવાન અને હરિભકતોનું મહાત્મ્ય સમજી રાખવુ અને જો સંતો એમ ન કરે તો ઘોર નરકમાં પડે છે. આવા સંતોને નરકનાં અસહ્ય દુઃખો ભોગવવા જ પડે છે. તેમનો કોઇ રીતે છૂટકારો થતો નથી.

### નિંદા એ મોટુ પાપ છે

સમાજમાં કેટલાકને અન્યની ઇર્ષા કે નિંદા કરવાની ટેવ પડેલી હોય છે પરંતુ કોઇની ઇર્ષા કે નિંદા કયારેય કરવી નહિં. તેઓ બન્ને દોષિત ગણાય છે. હંમેશા સામેની વ્યક્તિ પાસેથી તેમના ગુણ ગ્રહણ કરવા, અવગુણનો ત્યાગ કરવો.

એક વખતે એક પ્રસંગે ઇમર્સનનો મિત્ર તેમને આવીને વાત કરે છે કે ‘પેલો વેપારી આપની ઘોર નિંદા કરે છે. ઘેર ઘેર જઇને તમારા અવગુણોની વાતો કરે છે. આવો તે બેવકૂફ છે અને પૂરો બદમાસ છે.’ ઇમર્સને હસતા હસતા કહ્યુ, ‘ભલે ને કરે, પરંતુ તમે તેની નિંદા શા માટે કરી? આપણી પાસે ઘણા સારા કામ કરવા ઘણા લોકો આવે છે. તેમને કેમ આવો સમય મળતો નથી?’

તેમનો મિત્ર કહેવા લાગ્યો કે ‘પણ એ ગમે તેમ બોલે જ શા માટે.’ ઇમર્સન કહે ‘એની પાસે જીભ છે તો બોલે. સૌને બુદ્ધિ વાપરવાની સ્વતંત્રતા છે. અને બુદ્ધિનો ઉપયોગ ખાડામાં પડવા માટે કરવો હોય તો એમાં આપણે શું કરી શકીએ?’

ઇમર્સને આ મિત્રને સલાહ આપી કે કયારેય આપણે ગમે તેવી પરિસ્થિતિ સર્જાય તો પણ કોઇની નિંદા કે ઇર્ષા કરવી નહિ. નિંદા એ મોટુ પાપ છે એમ શાસ્ત્રકારો વારંવાર પોકારી પોકારીને કહે છે.

## અતિ લોભ તે પાપનું મૂળ

આ કહેવત સર્વત્ર ખૂબ પ્રચલિત છે. લોભને વિષે જે મોટા દોષો હોય છે તે વ્યક્તિને નરકના માર્ગે દોરે છે. લોભને કેટલાક લોકો પાપનો મિત્ર કહે છે. લોભથી જ ક્રોધ વ્યાપે છે. મોહ, કપટ અને અભિમાન જેવા દૂષણો જ ક્રોધને સર્વત્ર પ્રવર્તાવે છે. મનુષ્ય ધન, સંપતિના લોભને કારણે જ બહેન, દીકરી કે કોઇપણ વસ્તુને નીચને ઘેર વેચે છે.

એક સ્થળે એક સંતે આવુ પ્રેરણાદાયી વર્ણન કર્યુ છે ને તેઓ કહે છે કે વ્યક્તિએ ન્યાયે મળ્યુ છે તે ધન લેવુ. પડયુ જડયુ તેનો ત્યાગ કરી દેવો. ગૃહસ્થ તેના મને લોભ રાખે, તે પાપનું તો ફળ તેહ ચાખે. મૂર્ખ તેમજ પંડિત પણ ત્યારે જ ઓળખાય છે કે જયારે મનમાં કામ, ક્રોધ, મદ અને લોભ રોકે ત્યાં સુખી મૂર્ખ કોણ અને પંડિત કોણ તે ઓળખાતો નથી. એક કવિએ કહ્યું છે કે ‘નદીઓની દોટ સમુદ્ર સુધી, લોભની દોટ ધન સુધી.’

આ તમામ અપ્રમાણિક રીતે મેળવેલ ધન કે સંપત્તિનો મોહ રાખ્યા સિવાય આપણા જીવનની દોટ પરમકૃપાળુ પરમાત્મા સુધી હોવી જોઇએ. આપણું લક્ષ્ય હંમેશા ધર્મ તરફ હોવુ જોઇએ. આ દુર્લભ એવો માન દેહ પુનઃ કયારે મળશે તેની કોઇને ખબર શુદ્ધા નથી.

## અલ્હાબાદમાં એક બનેલી સત્ય ઘટના

અલ્હાબાદ જેવા પ્રચલિત નગરમાં બની ગયેલી આ ઘટના ખરેખર પ્રેરણાદાયી છે. એક વૃદ્ધ ડોસો ખેતીનો ધંધો કરે. ભણેલા નહિ. ડોસા પાસે પૈસો ટકો ન હતો તેથી ખેતી કરે પરંતુ બચત થાય નહિ. ડોસાને બે છોકરા અને છોકરીઓ હતા. છોકરાઓને બહેનો ઉંમરલાયક થતા ચિંતા થવા લાગી. ડોસાને તેમણે કહ્યું કે આપણે હવે આ બહેનોના લગ્ન પ્રસંગો ઉકેલી નાખવા જોઇએ. વૃદ્ધ એક ધીરધાર કરનાર વાણિયા પાસે ગયા. ધીરધાર કરનાર વાણિયાને ત્યાંથી વ્યાજે પૈસા લીધા. વાણિયાએ ચિઠ્ઠી આપી પરંતુ વૃદ્ધ અભણ હોવાથી ચિઠ્ઠી વાંચતા નથી અને વાણિયામાં શ્રદ્ધા રાખી તેથી વિચિત્ર બાબત બની. વાણિયાએ સાચી રકમ દર્શાવતી ચિઠ્ઠી ન આપી પરંતુ વૃદ્ધ ભણેલો નહિ તેથી તેની બુદ્ધિ બગડી. તેણે બનાવટી ચિઠ્ઠી તૈયાર કરી અને સાચી ચિઠ્ઠી ઉપરના માળે ચોપડામાં સંતાડી દીધી.

વૃદ્ધ ડોસો પ્રામાણિક હતો. અમુક સમય બાદ વ્યાજ સાથે પૈસા આપવા વાણિયાને ત્યાં ગયો. વાણિયાએ બનાવટ કરેલી વધારે પૈસા લેવા માટે તેણે કોર્ટમાં કેસ કર્યો. ન્યાયાધીશને ખબર છે કે આ વાણિયો લુચ્ચો છે. ખેડૂત સાચો છે પરંતુ ચોક્કસ પુરાવા સિવાય કેવી રીતે ન્યાય આપી શકાય? વૃદ્ધ ખેડૂતને ન્યાયાધીશે પુછયુ કે તમોએ વકીલ રોકયો છે? પેલા વૃદ્ધે કહ્યુ કે મારી પાસે પૈસા નથી માટે વકીલ રોકયો નથી.

એકાએક વૃદ્ધ બ્રાહ્મણ કોર્ટમાં હાજર થયો. આ બ્રાહ્મણે પુરાવો આપ્યો કે ચોથા માળે વાણિયાની ફાઇલ છે તેમાં પાંચમાં નંબરની ફાઇલમાં પાવતી છે તે લાવો. ન્યાયાધીશે એ પાવતી પોલીસ પાસે મંગાવી. પોલીસ એ પાવતી જે સાચી હતી તે લઇ આવ્યો. ન્યાયાધીશે એ પાવતી બરાબર વાંચી. વાણિયાનું આ કારસ્તાન પકડાઇ ગયુ. વૃદ્ધ અભણ ખેડૂત પાસે મનમાની રકમ લેવાની તેની દાનત હતી તે પકડાઇ ગઇ. ન્યાયાધીશે વૃદ્ધ ખેડૂતની તરફેણમાં ન્યાય આપ્યો અને વાણિયાને કડક સજા કરી.

ન્યાયાધીશે જોકે પછીથી નોકરી છોડી દીધી. તેઓ હવે સન્યાસી ન્યાયાધીશ તરીકે ઓળખાયા. તેઓ હવે સંત થઇ ગયા તેથી અધ્યાત્મ માર્ગે શેષ જીવન વ્યતીત કરવા લાગ્યા. અંતે રામ ભગવાનની પરમ કૃપાથી આ વૃદ્ધ ખેડૂતનું તેમજ ન્યાયાધીશનું પ્રભુએ કલ્યાણ કર્યુ.

આ વાત ઉપરથી એમ સમજવુ કે પ્રપંચ કરનારને કયારેય ન્યાય મળતો નથી. પરંતુ જે નિર્દોષ હોય, રામનો સંપૂર્ણ ભરોસો હોય તેને જ સાચો ન્યાય મળે છે. તેથી તો કહ્યુ છે કે લોભિયા હોય ત્યાં ધુતારાઓનો વાસ હોય છે પરંતુ પ્રભુ ત્યાં રહેતા નથી.

## ભારતની ભૂમિ સંતો તથા ઋષિમુનિઓની ગણાય

શ્રીજી મહારાજના સંતોએ ભારતની ભૂમિના વિવિધ વિસ્તારોમાં વિચરણ કરીને વિવિધ પ્રકારના અસહ્ય કષ્ટો વેઠીને પણ સત્સંગ કરાવીને અધર્મીઓનું પણ કલ્યાણ થાય તેવા સઘન પ્રયત્નો કર્યા છે. નરસિંહ મહેતા, મીરાબાઇ, સંત દાદુ, સંત એકનાથ જેવા અનેક ત્યાગીઓએ ભારતનું ગૌરવ વધાર્યુ છે. અનેક સંતો જેવા કે ડોંગરેજી મહારાજ, આઠવલેજી, સંત પુનિત મહારાજ વગેરેની વિચારધારા જીવનમાં ઉતારનાર અનેક હરિભકતો થઇ ગયા એ ભારત ભૂમિની મહાનતા છે.

સંત પુનિત મહારાજે જીવનને સુખી બનાવવા માટે સુંદર વિચારો રજૂ કર્યા છે. તેમણે કહ્યું છે કે જીવનમાં સુખી થવુ હોય તો નીચે મુજબ જીવન વ્યતીત કરજો.

- દેવુ થાય તેવુ ખર્ચવુ નહિ
- પાપ થાય તેવુ કમાવવુ નહિ
- માંદા પડાય તેવુ ખાવુ નહિ
- તકરાર થાય તેવુ કદાપિ બોલવુ નહિ

અંતમાં તમામે વિચારવુ કે
શાંતિ દેનારા ભગવાન જેણે ન સમર્યા
તારો એળે ગયો જન્મારો મનવા
ગાદલા બિછાવવમાં રાત તો વહી ગઇ
ઊંઘવાનું રહી ગયુ ને સવાર થઇ ગઇ

માણસ અનેકવિધ પ્રવૃતિઓમાં એટલો બધો રોકાઇ જાય છે કે અમૂલ્ય માનવજીવન જે અતિ દુર્લભ છે તેને વેડફી નાખે છે. આત્માને ઓળખી મોક્ષ મેળવવાનું ચૂકી જાય છે. કનક, કાન્તા અને કીર્તિના નાદમાં પાગલ બનેલો માણસ અંતે નરકમાં જ જાય છે.

## સંતોના ત્યાગની મહાનતા તો જુવો

મહાત્મા મૂળદાસ ખૂબ દયાળુ હતા. તેમણે એક દિવસ કૂવામાં પડવા જતી એક કુંવારી કન્યાને ઉગારી. કન્યાએ કહ્યુ હું ગર્ભવતી છું. મને કોણ સ્વીકારશે? મૂળદાસે કહ્યું મારા આશ્રમમાં રહે. તને કોઇ પૂછે તો કહેજે કે આ પાપ મૂળદાસનું છે. મહાત્માની ચારે બાજુ ખૂબ ટીકા થઇ, પ્રતિષ્ઠા તો તે સમયે જ ગઇ. મહાત્મા મૂળદાસના સમગ્ર વ્યક્તિત્વ સાથે એમને માટેની કલંકરૂપ ઘટનાને કોઇ જૂએ તો ગળે ઉતરે જ નહિ પરંતુ આ સત્ય હકીકત સંતની મહાન ઉદારતાની પરમસિમારૂપ ગણી શકાય. આવા વિરલ સંતને કોટિ કોટિ વંદન કરવા ઘટે.

## લોકમાન્ય ટિળક મહારાજની સ્વસ્થતાને ધન્યવાદ ઘટે

ઇ.સ. ૧૯૦૨માં પૂનામાં ભયંકર રોગ ફાટી નીકળ્યો. ઘેરઘેર બિમાર માણસોના ખાટલા પથરાયેલા. ટિળક શહેરી વિસ્તારથી દૂર એક પરામાં નિવાસ કરતા. એ વિસ્તારમાં પણ રોગ ફેલાયો. ટિળક મહારાજનો દીકરો વિશ્વનાથ પણ રોગનો ભોગ બની ગયો. વિશ્વનાથ ખૂબ તેજસ્વી યુવાન હતો. પૂનાની ફરગ્યૂસન કોલેજમાં તે અભ્યાસ કરતો. ખૂબ બુદ્ધિશાળી હતો. આવા તેજસ્વી પુત્રના મરણથી કયા પિતાને શોક ન થાય? વળી એક અઠવાડિયામાં તો તેમનો એક ભત્રીજો અને એક ભાણેજ પણ રોગનો ભોગ બનેલા.

ટિળક મહારાજને આવા કારમા બનાવથી આઘાત લાગે તે સ્વાભાવિક હતુ છતાં ચિત્તની સ્વસ્થતા અને શાંતિ ધારણ કરી તેઓ સહેજ પણ ચલિત થયા નહિ.

એક વખત એમના એક મિત્ર વિશ્વનાથ કેલકર એમને ઘેર આવી અને આશ્વાસન આપતા કહ્યું, ખૂબ ખરાબ થયુ. ઈશ્વરને ગમ્યુ તે ખરુ. ઈશ્વરના ન્યાય આગળ આપણે કશું જ કરી શકવા સમર્થ નથી. ટિળકે ખૂબ સ્વસ્થતા રાખતા કહ્યુ, એમાં ખરાબ શાનુ? ગામમાં જયારે હોળી પ્રગટે ત્યારે પ્રત્યેક પરિવારે એમાં છાણાં તો આપવા જ જોઇએને! આથી વિશેષ આમાં શું બન્યુ છે? એક રીતે જોઇએ તો અમારા કુટુંબે અપેક્ષા કરતા અધિક છાણાં પૂરા પાડયા સિવાય બીજુ કર્યુ છે પણ શું?

આવા મહાપુરુષોની ધીરજ અને સહનશીલતા તથા સ્વસ્થતાને કોટિ કોટિ ધન્યવાદ ઘટે. આપણે તમામે ગૃહસ્થ જીવનમાં આવા દુઃખદ પ્રસંગો બને ત્યારે આવા મહાપુરુષોના જીવન પ્રસંગો પરથી બોધપાઠ લેવો જોઇએ કે પ્રભુ જે કરે છે તે ભકતના હિતમાં જ હોય છે. કદાપિ નિરાશ ન થવુ. ધીરજ ન ગુમાવવી. આવી પડેલ પરિસ્થિતિમાં સ્વસ્થતા રાખી શેષ જીવન વ્યતીત કરવુ. પ્રભુ હંમેશા જે કરે છે તે વ્યકિતના ગૃહસ્થના જીવનમાં સંયમ રાખીને સહન કરવુ જ રહ્યુ. એવી સમજણ રાખવી કે આપણે ખાલી હાથે આવ્યા હતા અને ખાલી હાથે જ જવાનું છે.

## *Bhavika's Bharat Natyam Arangetram Journey with Jalaram Mandir*

*Hi my name is bhavika and I am the first bharatnatyam student from Jalaram Mandir to do an aragetram. I want to briefly describe my amazing journey.*

*Jalaram Mandir started on March 8th 2008. That year they made a plan to provide free Bharatnatyam classes for anyone interested in learning this art form. My mom heard about it and signed me up without even asking me as she knew I would love to learn this art form. I was the first student signed up on the list. My mom came home from Mandir and just told me she got me registered for Bharatnatyam classes, and this is where my journey started.*

*My mom and I really appreciated that Mandir can provide this. I went to Mandir for classes until I finished high school. After high school I went off to Purdue University for college but I did not give up on my dancing. I would drive home or take the bus home from school every other week for the weekend and go to dance class at my guru's home Mrugakshi Patel. After college graduation I moved even further away to Kansas and took on a travel job, but I still continued my dance. Even during travel I would schedule a lay off in Chicago or make a one day stop on a weekend to take a class.*

*Finally last year I ended up moving to Chicago permanently which made going to dance class easier. This was the perfect time to start planning my Arangetram. I started working hard towards my Arangetarm to receive a degree in Bharatnatyam. I finally had my Arangetarm on July 29th 2017. It was the most memorable day of my life. It is also one of my biggest achievements as well. Currently I assist my Gurus to teach the same classes at Mandir to young girls. I will continue to do this as much as possible.*

*My family and I will forever be grateful to the Mandir for providing such an amazing opportunity to many girls like myself.*

*- Bhavika*

## *Youth Corner*

# 20 Fast Facts About Hinduism

1) Hinduism is the oldest known religion in the world. In fact, it goes back as far as 5,000-10,000 B.C.

2) There is no known founder or governing body of Hinduism.

3) "Hinduism" is not the real word for the religion. That was made up by Greeks and Arabs to those living by the Sindhu river. The real name for Hinduism is *Sanātana Dharma*. This means "eternal dharma", or eternal truth.

4) Hindus believe the purpose of life is to attain self-realization, or enlightenment.

5) Hinduism is the 3rd largest religion in the world, with over a billion followers.

6) Hindus believe there is only one unmanifested, eternal reality that can be found through enlightenment. This one reality has taken on the form of everything we see today- including gods and goddesses. So even though they worship many gods, in reality it's a monotheistic religion.

7) Dharma (righteousness), Artha (means of money), Kama (right desire), and Moksha (salvation), make up the 4 main life-goals of Hinduism.

8) The major books of Hinduism are: the Vedas, Ramayana, Bhagavad Gita, 18 Puranas, and Mahabharata.

9) The most common language for Hindu scriptures is Sanskrit- the oldest language in the world.

10) Hinduism strongly encourages a vegetarian diet- something that many Hindus follow. However, many practitioners in India simply omit beef and pork from their diet, and follow vegetarian guidelines on auspicious days.

11) Hindus believe in reincarnation- the soul is immortal, but takes on the form of many bodies until they achieve enlightenment.

12) The Rig Veda is the oldest known book in the world.

*13) The Vedas were preserved for over 5,000 years without the use of printing. This was done by memorization!*

*14) The ideas of decimals and many other complex math equations were created by Hindus.*

*15) Om is considered to be the subtle sound of the universe, and can be heard in deep meditation.*

*16) The supreme divine spirit is considered to be both male and female.*

*17) Yoga, Pranayama, Meditation, Vastu, Jyotish, Tantra, Astrology are huge contributions to the world, and have become extremely popular in the west…often influencing many different aspects of culture- fashion, diet, lifestyle, and spirituality.*

*18) The Kumbhamela, a spiritual gathering of all types every 3 years, is the largest gathering of human beings in the world.*

*19) There are three major sects in Hinduism: Shaiva, Shakti, and Vaishnava. But these are not strict; a follower can practice multiple paths because they're so similar.*

*20) Hinduism accepts the idea that anyone in any religion can attain salvation/enlightenment through perseverance, devotion, and personal experience in deep prayer or meditation. Instead of closing off to many religions, they have opened themselves up to it.*

## જલારામ કૃપા

૧. મને પૂ. બાપામાં ખૂબ જ શ્રધ્ધા છે અને દિવસે દિવસે એમાં વધારો થાય છે. પૂ. બાપા હંમેશા મારી મદદે દોડી આવે છે અને તેમને પ્રાર્થના કરતા તરત જ સહાય કરે છે. હું એમની જનમો જનમની ઋણી છું. મેં થોડી માનતા માની હતી એ બદલ હું આ ભેટ એમના ચરણોમાં પ્રેમથી ધરૂ છુ તે સ્વીકારી મને ઋણમુકત કરશો.

૨. પૂ. બાપા અને પૂ. વીરબાઇમાની અસીમ કૃપાથી મારી ઘણી મુશ્કેલીઓ દૂર થઇ છે. મેં પરચો છપાવવાની માનતા માની હતી તો આ પરચો છાપી મને ઋણમુકત કરશો.

૩. મારા દીકરાને એટેક આવ્યો હતો. મેં જલાબાપાને વિનંતી કરી કે સારૂ થઇ જશે તો પરચો છપાવીશ. પૂ. જલારામબાપા અને પૂ. સાંઇબાબાની કૃપાથી સારૂ થઇ ગયુ છે. પૂ. બાપાના ચરણોમાં કોટી કાટી પ્રણામ.

૪. પરમ કૃપાળુ જલારામબાપા અને પૂ. વીરબાઇમાતાને કોટી કોટી વંદન. સાલ ૨૦૧૧ના નવેમ્બરમાં ઇન્ડીયા ગઇ ત્યારે મને ખબર પડી કે મને જીભનું કેન્સર છે. મારા પતિએ અને બાળકોએ મને અમેરીકા પાછી બોલાવી ત્યારે અમદાવાદ (પાલડી) આપના મંદિરમાં પગે લાગી અને શીવજીને રૂદ્રાભિષેક કરીને શીકાગો પાછી આવી.

આપની કૃપાથી અને ડૉક્ટરોની મદદથી અને ઘરનાં સૌના સાથથી મારી સર્જરી અને બીજી બધી સારવાર સારી રીતે પુરી થઇ ગઇ છે અને એમાંથી બહાર પણ આવી ગઇ છું. સાલ ૨૦૧૮ની ૮ ફેબ્રુઆરી ના દિવસે આ સર્જરીનાં ૬ વર્ષ પૂરા થશે તે દરમ્યાન કોઇ તકલીફ થઇ નથી. તેવી જ રીતે ભવિષ્યમાં કોઇ પણ તકલીફ ન થાય તેવી કૃપા અમારા સૌની પર રાખજો.
તદ ઉપરાંત અમદાવાદના મકાનનુ કામ, દિકરી અને બાળકોનુ કામ પણ સારી રીતે તમારી દયાથી ચાલે છે. ટ્રાવેલીગમાં ભુલાઇ ગયેલું પર્સ અને સોનાની બંગડીઓ પણ મળી ગઇ છે જે તમારી કૃપા વગર શક્ય નથી.

આ રીતે અમને સૌને બાપા સાચો માર્ગ અને દિશા બતાવશો. શક્તિ અને પ્રેરણા આપશો. સદાય તમારો હાથ અમારા સૌની ઉપર રાખજો. સદાય અમારી સાથે રહેજો. કોઇ ભૂલ થતી હોય તો અમને માફ કરશો.

૫. સંત શિરોમણી પૂ. જલારામબાપા આપ ઇશ્વરના અવતાર છો. આપની કૃપા અપરંપાર છે. દુઃખીયાના બેલી છો. જ્યારે તમને યાદ કરીએ ત્યારે તમો હાજરા હજુર થઇ જાઓ છો. તમારુ નામ સ્મરણ કાયમ કરીએ છીએ. જ્યારે જ્યારે જીવનમાં કોઇ દુઃખ આવે અને તમારુ સ્મરણ કરીએ ત્યારે દુઃખ દુર થઇ જાય છે. આ માટે તમારો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. મારો સંકલ્પ તમારી કૃપાથી પુરો થયો છે.

૬. આ પરચામાં લખવાનું કે જે માટે બાધા રાખી હતી તે સારી રીતે પતી ગઇ છે. જલારામબાપાએ અમારી ઇચ્છા પૂરી કરી . પૂ. બાપા તમોને કોટી કોટી વંદન.

૭. જલારામ બાપાને અમારા લાખો વંદન. અમે લંડન ફરવા ગયા હતા તો અમે જલારામબાપાની દયાથી સારી રીતે આવી ગયા. અમારી દીકરીના ધંધામાં તકલીફ હતી તે સોલ્વ થઇ ગઇ છે. જમાઇને નોકરી સારી મળી જશે. તમને જ્યારે યાદ કરીએ ત્યારે આવીને ઊભા રહો છો. અમારા બધા કાર્ય તમે પૂર્ણ કરો છો.

૮. મારે ત્યાં ઉંદરનો ત્રાસ એકદમ જ થયો. મેં એક દિવસ જલાબાપાને બે હાથ જોડી પ્રાર્થના કરી કે બાપા મારા ઘરમાં ઉંદરનો ત્રાસ છે અને ખૂબ જ નુકશાન કરે છે. મેં માનતા માની કે આ ત્રાસમાંથી બહાર નીકળીશ તો આપને ચરણે પગે લાગી યથાશક્તિ ભેટ ધરાવીશ. બાપાની કૃપાથી હવે કોઇ તકલીફ નથી.

૯. પૂ. બાપા અને વિરબાઇમાતાની અસીમ કૃપાથી મારી ઘણી મુશ્કેલીઓ દૂર થઇ છે. જે ગણાય તેમ નથી અને મને પોતાને યાદ પણ નથી. બાપાએ મને મારા દુઃખમાં બહુ જ મદદ કરી છે.

૧૦. સૌ ભક્તોને જય જલારામ અને બાપાનાં ચરણોમાં વંદન. એક દિવસ મારા માટે ઘણી મુશ્કેલીઓ આવી પડી. મારા પતિ ઘરે આવ્યા નહી અને એમનો ફોન પણ લાગતો ન હતો. પછી એક જ નામ જલારામબાપાનુ લઇને પરચો છપાવવાની માનતા માની અને સહી સલામત મારા પતિ ઘરે આવી ગયા. બાપાએ મારી વિનંતી સાંભળી. તેમનો ખુબ ખુબ આભાર.

૧૧. પૂ. બાપાની અસીમ કૃપાથી મારી અને મારા પત્નીની બાધા પુરી કર્યા બદલ જલારામબાપા ના ચરણોમાં કોટી કોટી વંદન. અશક્ય વસ્તુને શક્ય કરવાની શક્તિ બાપામાં છે તે નજરો નજર જોવાનો આ એક અવસર જે બાપાના સાથથી પાર પડયો છે. બાપા આપ હાજરા હજૂર છો.

૧૨. બાપાની કૃપા હંમેશા ભક્તો પર રહે છે. વિશ્વાસ રાખવો. દેર છે પણ અંધેર નથી. બાપાની કૃપાથી મારા દીકરાની ઈચ્છા ઓન લાઇન ભણવાની હતી તે પુરી થઇ છે.

*નોંધ: ઉપર પ્રકાશિત કરેલા પરચાઓ જલારામ ભક્તો તરફથી આવેલ છે જેમણે પોતાના નામ જાહેર ન કરવાની વિનંતી કરેલ છે.*

પૂ. જલારામબાપાની કૃપાથી મેં મારી તબીયત માટે ઘણી બધી માનતા પરચાના રૂપે માની હતી જે બધી જ પૂરી થઇ છે ને થાય છે જે મારા પરિવાર માટે ઘણી જ કૃપા સમાન છે. આવી જ રીતે તેમની કૃપા અમારી ઉપર હંમેશા રહે તેવી પ્રાર્થના. આ પરચો તેમના આશીર્વાદરૂપે છાપવા વિનંતી.

કેવલભાઇ પટેલના જય જલારામ

અમારા પુત્ર દેવાંગને બ્લેડર ઇન્ફેકશન થયેલ જેની સારવાર અમેરિકામાં ૬ માસથી ચાલતી હતી. જેમાં ડોકટરે પ્રોસ્ટેટનું નાનું ઓપરેશન કરેલ કે જેથી પેશાબ પડી રહે નહી તેમ છતા તેની તબીયતમાં સુધારો ન જણાતા અમો તેને ઇન્ડીયા લઇ ગયા અને તે વખતે જલારામબાપાને વિનંતી કરેલ કે તેને સારૂ થશે તો તમારે ત્યાં દર્શન કરાવીશુ. ઇન્ડીયામાં ઇન્ફેકશન સ્પેશ્યાલીસ્ટને બતાવેલ ત્યારબાદ ધીમે ધીમે બાપાની કૃપાથી સારૂ થતા આજે સંપૂર્ણ સારૂ થયેલ છે.

રજનીભાઇ / મંજુલાબેન પટેલના જય જલારામ

મારી પત્નીનો અમેરીકન પાસપોર્ટ ખોવાઇ ગયો હતો. રીન્યુ કરવા માટેની એપ્લીકેશન સાથે મોકલવાનો હતો. પૂ. બાપાની માનતા માની કે પાસપોર્ટ મળી જશે તો હું જલારામ દર્પણમાં પરચો છપાવીશ અને તુરત જ મારી પત્નીનો ફોન આવ્યો કે પાસપોર્ટ મળી ગયો છે. પૂ. બાપા મને ઘણી જ મદદ કરે છે. જયારે મને મુસીબત હોય છે ત્યારે પૂ. બાપાને યાદ કરૂ છુ.

હરીશભાઇ જેઠવાના જય જલારામ

અમારા પરિવારમાં બાપાએ ઘણી વખત મદદ કરી છે જે નીચે પ્રમાણે પરચા થયેલ છે.

- મારા દીકરાને જોબ ઉપર પ્રમોશન મળવાનુ હતુ. તેનો મેનેજર તૈયાર હતો પરંતુ હ્યુમન રીસોર્સ વાળા તરફથી થોડી તકલીફો રહ્યા કરતી હતી અને તેનું પ્રમોશનનું કામ આગળ વધતુ નહોતુ. મને વાત કરી અને મેં મારા ઘરના દેવસ્થાનમાં બેસી બાપાને પ્રાર્થના કરી કે હે બાપા આ કામ તમો જ કરી શકો એમ છો. તમારા સિવાય કોઇ નથી. બસ બાપાએ મારી વિનંતી સાંભળી અને ૧૫ દિવસમાં હ્યુમન રીસોર્સ વાળાની પણ હા થઇ ગઇ અને એનું પ્રમોશન થઇ ગયુ.

- મારો ૭ વર્ષનો પૌત્ર જેને નાકમાંથી બહુ જ લોહી પડતુ. રાત્રે સુતો હોય અથવા રમતો હોય અને એકદમ લોહી પડવા લાગે. પૂ. બાપાને યાદ કરી માનતા માની કે બાપા એના નાકમાંથી લોહી પડતુ બંધ થઇ જાય તો તમારો પરચો છપાવવો અને યથાશક્તિ ભેટ મોકલવી. પૂ. બાપાની કૃપાથી તેને સારૂ થઇ ગયુ અને આજ સુધી લોહી પડયુ નથી.

- મારી દીકરીની મને ઘણી જ ચિંતા હતી. દિવસે દિવસે ઉંમર વધે અને કોઇ સારો છોકરો ધ્યાનમાં આવે નહી. એક દિવસ પૂ. બાપાની સમક્ષ જઇને રડીને પ્રાર્થના કરી અને કહ્યું કે આજથી મારી દીકરી એ તમારી દીકરી માનશો અને તમારે એના માટે સારો છોકરો શોધવો અને એના લગ્ન કરવાના છે. જો સારો છોકરો મળી જાય તો તમારા મંદિર (તમારા ઘરમાં) માં જ લગ્ન કરીશુ. બાપાની લીલા જોવા જેવી છે. ત્રણ મહિનામાં સરસ છોકરો મળી ગયો અને અમારા વેવાઇ પણ બાપાને નાનપણથી માને અને એમની પણ ઇચ્છા હતી કે બાપાના મંદિરમાં જ લગ્ન થાય. પૂ. બાપાની કૃપાથી લગ્ન સારી રીતે પતી ગયા અને આજે બન્ને ખુશ છે. બાપા હંમેશા એમની જોડી સલામત રાખે તેઓ ખુશ રહે તેવા આશીર્વાદ આપશો.

પૂ. બાપાની કૃપા હંમેશા અમારા પરિવાર ઉપર છે અને રહેશે તેવી પ્રાર્થના. મારે આ પરચા છપાવવાની માનતા હતી તો આ સાથે યથાશક્તિ ભેટ મોકલાવી છે તે સ્વીકારી અને આ પરચા છાપી અમને ઋણમુકત કરશો.

રમીલાબેન ગાંધીના જય જલારામ

મારા દીકરાની પત્નીને ઓચિંતાનો માથાનો દુઃખાવો અને આંખે દેખાવાનું બંધ થઇ ગયુ હતુ. ડૉક્ટરને પણ કાંઇ સમજ ના પડે. બાયોપ્સી પણ થાય તેમ નહોતુ. શું કરવુ તે કાંઇ સમજણ નહોતી પડતી. પૂ. જલારામબાપાની માનતા માની કે આંખે સારૂ થઇ જાય અને માથાનો દુઃખાવો બંધ થઇ જાય તો ૧૧ ગુરૂવાર નક્કોરડા ઉપવાસ કરીશ અને ચાલીને બાપાના દર્શન કરીશ. ત્રણ-ચાર મહિનામાં બાપાએ કૃપા કરી અને બધુ નોર્મલ થઇ ગયુ અને હવે સારૂ છે. અમેરીકામાં મોટી ઉંમરે આવ્યા હતા પરંતુ સારી રીતે સેટ થઇ ગયા છીએ. પૂ. બાપા, અમારા કુટુંબ ઉપર હંમેશા કૃપા કરજો. આ પરચો છાપી અમને ઋણમુકત કરશો.

અનિલાબેન ભટ્ટના જય જલારામ

મારા મમ્મીએ માનેલુ તે પ્રમાણે મને જોબ સારી મળી. મારા હસબંડનો ધંધો શરૂ થયો. અમારું એક બીજુ ઘર હતુ તે પણ વેચાઇ ગયુ અને મારી દીકરીને સારી કોલેજમાં એડમીશન મળ્યુ. તમારી દયાથી બધાં કાર્યો બાર મહીનામાં પૂરાં થયા. આ બધા કાર્યો મારી મમ્મીની તમારા પરની શ્રધ્ધાથી થયા છે. તમારી કૃપાથી થયા છે. સદા અમારા કુટુંબ પર તમારી દયાદ્રષ્ટિ રાખી શાંતિ અને ભક્તિ આપજો.

દીપલબેનના જય જલારામ

પૂ. બાપા, તમારી કૃપાથી અમારા માનેલા કામો ત્રણ મહીનામાં પૂરા થઇ ગયા. મારા દીકરાને ઘણા વખતથી જોબ ન હતી તે આ મહીનો બેસતાં જ મળી ગઇ. આ જોબમાં સારી રીતે સેટ થઇ ખુબ આગળ વધે અને તેનું સદાય રક્ષણ કરજો. તેને અને તેના કુટુંબને ભક્તિ અને શાંતિ આપજો. બસ સદાય અમારા કુટુંબ પર તમારી અમીદ્રષ્ટિ રહે અને મારી આસ્થા આવી રીતે મજબુત રહે. તમારો ખૂબ ખૂબ આભાર.

ઉમાબેનના જય જલારામ

બાપાના પરચા અપરંપાર છે. વાત એક વર્ષ પહેલાની છે પણ આળસને લઇને પરચા લખી શક્યો નથી માટે બાપાની માફી ચાહું છું. એક વર્ષ પહેલાં મારી વાઇફને હાર્ટની સમસ્યા થઇ હતી જેથી તેને પેસમેકર મુકાવવાની જરૂર પડેલ તેમજ એક નસમાં ૮૦% થી વધારે blockage હોવાથી stent મુકવામાં આવેલ તેમ છતાં breathing માં તકલીફ પડતી હતી અને તેને લઇને બે થી ત્રણ વખત hospital માં દાખલ કરવી પડેલ. તેમ છતાં સુધારો થતો ન હતો. અને December 2016 માં તેના ભત્રીજા નું લગ્ન હોવાથી India જવુ પણ જરૂરી હતુ. ડૉક્ટરના કહેવા પ્રમાણે હવાઇ મુસાફરી કરી કોઇ પ્રકારનુ જોખમ લેવાની ના પાડી. આવા કપરા સંજોગોમાં બાપા ને યાદ કરી તેમની બાધા રાખી કે જો બાપા દયા કરે અને ડૉક્ટર રજા આપે તો પરચો છપાવવો અને વીરપુર બાપાની ગાદીનાં દર્શન કરવા જવું.

બાપાના પરચા તો અપરંપાર છે. તેમની ઉપરની શ્રધ્ધા નો ચમત્કાર કહો કે ફરીથી ડૉક્ટરને Decemberના પહેલા વીકમાં બતાવવા ગયા ત્યારે ડૉક્ટરે India જવાની રજા આપી. અને તે રીતે અમો India ગયા અને ધુમધામથી લગ્ન પ્રસંગ માણ્યો. બાપાની કૃપાથી કોઇ પ્રકારની તકલીફ પડેલ નહી. તેથી Januaryમાં બાપાની ગાદીનાં દર્શન કરી, માનતા પૂર્ણ કરી કોઇ પણ પ્રકારની તકલીફ વગર સુખરૂપ પાછા આવી ગયા હતા. આ સીવાય બીજુ કે મારી મોટી દીકરીને આંખની તકલીફ હોઇ તેની સર્જરી પણ બાપાની દયાથી સારી રીતે થએલ છે.

રમેશચંદ્ર પટેલ ના જય જલારામ

## જલારામ દર્પણ ભેટ યોજના

*આપની ભેટ બદલ શ્રી જલારામ મંદિર આપનો હાર્દિક આભાર વ્યક્ત કરે છે અને બાપાના ચરણોમાં પ્રાર્થના કરે છે કે સર્વેને તન, મન અને ધનથી સુખી કરે અને આવી સેવા કરવાની પ્રેરણા હંમેશા આપતા રહે.*

- હર્ષદભાઇ / જયોત્સનાબેન પટેલ ડો. ૫૦૧.૦૦
- મનહરભાઇ / મધુબેન મોદી ડો. ૨૦૧.૦૦
- ચંદ્રીકાબેન પટેલ ડો. ૧૦૨.૦૦
- કંદર્પભાઇ / ઉમાબેન / કૌશલ પટેલ ડો. ૧૦૨.૦૦
- વલ્લભભાઇ / વીમળાબેન ધોળકીયા ડો. ૧૦૧.૦૦
- દેવાંગભાઇ પટેલ ડો. ૧૦૧.૦૦
- રમેશચંદ્ર / ભારતીબેન શાહ ડો. ૫૧.૦૦
- કંચનભાઇ પટેલ ડો. ૫૧.૦૦
- સુરેશચંદ્ર / રમીલાબેન ગાંધી ડો. ૩૬.૦૦
- જયંતીલાલ / કપીલાબેન ઠક્કર ડો. ૨૧.૦૦
- વાસુદેવભાઇ / લીલાબેન ઠક્કર ડો. ૨૧.૦૦
- યાસ્મીનાબેન / જીતેન્દ્રભાઇ પરીખ ડો. ૨૧.૦૦
- રજનીકાંત / કુમુદબેન ભરૂચા ડો. ૧૧.૦૦
- રામ ભરોસે ડો. ૪૩.૦૦

## Going Green

*Let's all try to save the planet for our future generations. Going forward starting with January 2017 issue, we have not been mailing a physical copy of Jalaram Darpan to everyone in the mail. We have been publishing the Darpan on our website at www.shreejalarammandir.org as have been sending it via email to those members who provided it to us. If you want to share your relatives and friends email address, please send it to shreejalarammandirchicago@gmail.com.*

**આપણા પર્યાવરણને અને પૃથ્વીને આપણી ભાવિ પેઢી માટે લાંબા સમય સુધી હરિયાળી રાખવા માટે આપણે સૌ પ્રયાસ કરવો જોઇએ. જાન્યુઆરી ૨૦૧૭ના અંકથી જલારામ દર્પણ રેગ્યુલર મેઇલમાં મોકલવામાં નથી આવતું તેની નોંધ લેવી. દર્પણ ફક્ત મંદિરની વેબસાઇટ ઉપર પ્રકાશિત કરવામાં આવે છે અને ઈમેઇલ દ્વારા મોકલવામાં આવે છે. જો આપના સગાવ્હાલા તથા મિત્રો ઈમેઇલ દ્વારા દર્પણ મેળવવા ઈચ્છતા હો તો આપ તેઓનું ઈમેઇલ એડ્રેસ નીચેની ઈમેઇલ ઉપર મોકલી આપો.**

*shreejalarammandirchicago@gmail.com*

## વિશેષ નોંધ

સૌ ભકતોને નમ્ર વિનંતી કે જો આપનું સરનામું બદલાયું હોય તો આપ મંદિરની ઓફિસમાં જાણ કરશો અથવા ઇ-મેઇલ દ્વારા જણાવશો જેથી જૂનું સરનામું રદ કરીને નવુ સરનામું નોંધી શકાય અને આગામી ઉત્સવો તેમજ અન્ય સમાચાર પત્રો નવા સરનામે મોકલી શકાય. આ ઉપરાંત મંદિર તરફથી ઇ-મેઇલ દ્વારા પણ આગામી ઉત્સવો તેમજ જલારામ દર્પણ મોકલાવીએ છીએ. જો આપને ઇ-મેઇલ દ્વારા સમાચાર મેળવવાની ઇચ્છા હોય તો આપ ઓફિસમાં ૮૪૭-૪૯૦-૫૨૫૨ પર સંપર્ક કરી શકો છો.

## જનરલ

દરેક ઉત્સવના ફોટા મંદિરની વેબસાઇટ ઉપર મૂકવામાં આવે છે જેની સૌ ભકતોએ નોંધ લેવા વિનંતી છે. મંદિરમાં ચાલતી પ્રવૃત્તિઓ અથવા મંદિરને લગતા કોઇ સુધારા માટે આપને કોઇ સૂચન હોય તો મંદિરમાં એક સૂચન પેટી (સજેશન બોકસ) મૂકવામાં આવેલ છે જેમાં આપના સૂચનો મૂકી શકો છો. મંદિરની સમિતિ યોગ્ય સૂચનોનો વિચાર વિમર્શ કરી અમલ કરશે.

## ડોનેશન કેન

આપણું શ્રી જલારામ મંદિર સને ૨૦૦૮માં ખુલ્લુ મુકાયુ ત્યારે મંદિર માટે ભંડોળ એકત્ર કરવા ભકતજનોની વિનંતીથી ''ટીપે ટીપે સરોવર ભરાય અને આપણું શ્રી જલારામ મંદિર સતત ઝળહળે'' તેવા સંકલ્પથી દિવસનો એક ડૉલર ડોનેશન કેનમાં મુકી કેન ભરાયેથી મંદિરમાં પરત આપવાનુ નક્કી થયેલ હતું. આપની પાસે જો કેન હોય તો તેને અવારનવાર મંદિરે આવતા જતા ઓફિસમાં આપી અને પાછું લઇ જવા નમ્ર વિનંતી છે.

## વીરબાઇમા હોલ

આપના ઘરમાં આવતા કોઇપણ પ્રસંગ માટે આપ મંદિરનો સભા હોલ રાખી શકો છો. આ ઉપરાંત આપ મંદિરનું ભોંયરૂ, રસોડુ તથા મંદીરમાં બનાવેલ રસોઇ પણ લગ્ન પ્રસંગ, વર્ષગાંઠ અથવા સીમંત જેવા પ્રસંગો માટે રાખી શકો છો. આ માટે આપને  ભુપેન્દ્રનો ૨૨૪-૭૧૫-૨૦૧૦ પર સંપર્ક કરવા વિનંતિ છે.